# ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ ૧૪૪ અન્વયેનો હુકમ

નં.ડીસી/પીઓએલ/જાહેરનામું/ચાઈનીઝ તુક્કલ/વશી/ ૬ થી ૪૫ /૨૦૨૨

જિલ્લા મેજીસ્ટ્રેટ કચેરી
અરવલ્લી, મોડાસા
તા૩/૦૧/૨૦૨૨

વંચાણે લીધા:

(૧) ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪.

(૨) ઉપસચિવશ્રી(કા.વ્ય) ગૃહ વિભાગ ગાંધીનગરના તા.૨૯/૧૨/૨૦૨૦ ના પત્ર ક્રમાંક:- વિ.૨/ડી.એસ.એમ/૧૩૨૦૧૬/ હા.કો.૦૨(પા.ફા.)

(૩) પોલીસ અધિક્ષકશ્રી, અરવલ્લી મોડાસાનો પત્ર ક્રમાંક: lib/ઉત્તરાયણ/ચાઈનીઝ/દોરી/જાહે./૧૨૮૮/૨૦૨૧ તા.૨૮/૧૨/૨૦૨૧

તાજેતરમાં છેલ્લા કેટલાક સમયથી ઉત્તરાયણ/અન્ય તહેવારો વખતે ચાઇનીઝ તુક્કલ, ચાઇનીઝ લેટર્ન અને ચાઈનીઝ માંઝા/નાયલોન/પ્લાસ્ટીક દોરી, કાચ પાયેલી તથા અન્ય હાનીકારક પદાર્થોના કોટીંગ કરેલ અને નોન બાયોડીગ્રેબલ હોય તેવી દોરીનો ખુબજ વધારે પ્રમાણમાં ઉપયોગ કરવામાં આવે છે. તુક્કલમાં હલકી ક્વોલીટીના સળગી જાય તેવા વેક્સ પદાર્થોને કારણે પર્યાવરણને નુકશાન થાય છે તેમજ સળગતી તુક્કલ ગમે ત્યાં પડવાના કારણે જાનમાલ અને સંપત્તિને નુકશાન થાય છે. તેમજ ચાઈનીઝ માંઝા/પ્લાસ્ટીક દોરીના ઉપયોગથી પશુ પંખી તેમજ પર્યાવરણને નુકશાન કે તેવી અન્ય કોઈ દુર્ઘટનાઓ બનતી નિવારવા માટે નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલના તા.૧૧/૦૭/૨૦૧૭ના હુકમ, સરકારશ્રીના ગૃહ વિભાગના આમુખ (૨) અને પોલીસ અધિક્ષકશ્રી, અરવલ્લી મોડાસાના પત્રની વિગતે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ ૧૪૪ હેઠળ જાહેરહીતમાં પ્રતિબંધાત્મક હુકમ બહાર પાડવો જરૂરી જણાય છે.

વાસ્તે હું. એન.ડી.પરમાર, જી.એ.એસ. અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અરવલ્લી, મોડાસા અરવલ્લી જિલ્લામાં ચાઇનીઝ તુકકલ, ચાઇનીઝ લેટર્ન તેમજ ચાઈનીઝ માંઝા/નાયલોન/પ્લાસ્ટીક દોરી, કાચ પાયેલી તથા અન્ય હાનિકારક પદાર્થોના કોટીંગ કરેલ અને નોન બાયોડીગ્રેબલ હોય તેવી દોરીના ઉત્પાદન, વેચાણ, સ્ટોર કરવા, ખરીદવા અને ઉપયોગ કરવા ઉપર હંગામી પ્રતિબંધનો હુકમ કરૂ છું.

સદર જાહેરનામાની વ્યક્તિગત બજવણી શક્ય ન હોઇ એક તરફી ફરમાવવામાં આવે છે અને સંબંધિત તંત્ર દ્વારા જાહેર પ્રસિધ્ધિ કરવામાં આવશે.

આ જાહેરનામું તા.૦૪/૦૧/૨૦૨૨ થી તા. ૩૦/૦૧/૨૦૨૨ સુધી (બંને દિવસો સહીત ) અમલમાં રહેશે.

આ આદેશનો ભંગ કરનાર સામે પર્યાવરણ સંરક્ષણ અધિનિયમ-૧૯૮૬, પ્રિવેન્શન ટુ ક્રુએલ્ટી એનિમલ્સ એક્ટ – ૧૯૬૦, વન્ય જીવ સંરક્ષણ અધિનિયમ – ૧૯૭૨ તેમજ ભારતીય ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે. તથા ક્ષેત્રાધિકાર ધરાવતા પોલીસ સબ ઈન્સ્પેક્ટર દરજ્જાથી ઉતરતા ન હોય તેવા અધિકારીશ્રીને ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આજ તા. ૩૧ જાન્યુઆરી - ૨૦૨૨ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

ADDITIONAL DISTRICT MAGISTRATE ARAVALLI DISTRICT MODASA
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ અરવલ્લી ડીસ્ટ્રીક્ટ મોડાસા

(એન.ડી.પરમાર)
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
અરવલ્લી મોડાસા

નકલ સવિનય રવાના:-

(૧) જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, અરવલ્લી, તરફ જાણ તથા અમલ થવા સારૂ.

(૨) પોલીસ અધિક્ષકશ્રી, અરવલ્લી, મોડાસા તરફ સંબંધીત પોલીસ સ્ટેશનને જાણ કરવા તેમજ જાહેરનામાની નકલ સ્થાનિક પ્રસિધ્ધી કરાવવા તેમજ પ્રસિધ્ધી રીપોર્ટ અત્રે મોકલી આપવા સારૂ.

નકલ રવાના:-

(૧) ઉપ સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, સરદાર ભવન, ગાંધીનગર તરફ જાણ સારૂ.

(૨) સબડિવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, મોડાસા/બાયડ તરફ જાહેરનામાની સ્થાનિક પ્રસિધ્ધી તાકીદે કરાવવા તેમજ પ્રસિધ્ધી રીપોર્ટ અત્રે મોકલી આપવા સારૂ.

(૩) નાયબ પોલીસ અધિક્ષકશ્રી, મોડાસા તરફ જાણ તથા અમલવારી સારૂ.

(૪) વ્યવસ્થાપકશ્રી, સરકારી છાપકામ ખાતું, વડોદરા તરફ
 ૨/- આગામી એક્સ્ટ્રા ઓર્ડીનરી ગેઝેટમાં વિના મુલ્યે પ્રસિધ્ધ કરવા સારૂ.

(૫) નાયબ માહિતી નિયામકશ્રી, અરવલ્લી, મોડાસા તરફ સ્થાનિક વર્તમાનપત્રોમાં તાકીદે વિના મુલ્યે આઈટમ ઓફ ન્યુઝ તરીકે પ્રદર્શિત કરવા સારૂ.

(૬) રજિસ્ટ્રારશ્રી, જિલ્લા અદાલત, અરવલ્લી તરફ જાણ તથા જાહેરનામાની સ્થાનિક પ્રસિધ્ધી કરાવવા સારૂ વિનંતી સહ.

(૭) રજિસ્ટ્રારશ્રી, જે.એમ.એફ.સી.કોર્ટ મોડાસા/ભિલોડા/મેઘરજ/બાયડ/ધનસુરા/માલપુર તરફ જાણ તથા જાહેરનામાની સ્થાનિક પ્રસિધ્ધી કરાવવા સારૂ.

(૮) ડિસ્ટ્રીક્ટ ઈન્ફોર્મેટીક ઓફિસરશ્રી, N.I.C, અરવલ્લી તરફ જાણ તથા વેબસાઈટ ઉપર અપલોડ કરવા સારૂ.

(૯) એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રી.........(તમામ) તરફ જાણ તેમજ જાહેરનામાની સ્થાનિક પ્રસિધ્ધી તાકીદે કરાવવા સારૂ. તેમજ તે અંગેનો પ્રસિધ્ધી રીપોર્ટ અત્રે મોકલી આપવા સારૂ.

(૧૦) તાલુકા વિકાસ અધિકારીશ્રી........(તમામ) તરફ જાણ તેમજ જાહેરનામાની પ્રસિધ્ધી તમામ ગ્રામ પંચાયતોમાં કરાવી તે અંગેનો પ્રસિધ્ધી રીપોર્ટ અત્રે મોકલી આપવા સારૂ.

(૧૧) પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી............(તમામ) તરફ જાહેરનામાની સ્થાનિક પ્રસિધ્ધી કરાવવા તેમજ પ્રસિધ્ધી રીપોર્ટ અત્રે મોકલી આપવા સારૂ.

(૧૨) ચીફ ઓફિસરશ્રી, મોડાસા/બાયડ તરફ જાણ તથા અમલવારી સારૂ.

(૧૩) સીલેક્ટ ફાઈલે.

A R Rahevar/tukkal/Lett./